# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**


**તા.૨૩/૦૨/૨૦૨૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૨૮૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૦૬ લીટર દેશી દારૂ, ૧૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૨૦૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૮૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૨૮૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૨૮૯/૨૦૨૫**

**મણીનગરઃ** અવનિતકૌર કુલદિપસિંગ ભાટીયા (રહે. શ્યામ–૩ સિધ્ધીવિનાયક હોસ્પીટલની ગલીમા ગુરુદ્વારા સામે મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૫ સવારના ૧૦/૩૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના તથા અને રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૪,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.પરમાર ચલાવે છે.

**સોનાની ચેઇન ઝુટવી લઇ ગયાઃ–** **સમાચાર યાદી નં.૨૯૦/૨૦૨૫**

**ખોખરાઃ** સુલેખાબહેન વા/ઓ જીતેન્દ્રકુમાર ચોરસીયા (ઉ.વ.૪૯) (રહે. વૈભવપાર્ક સોસાયટી નંદનવન સોસાયટી પાસે ભાઇપુરા રોડ મણીનગર પુર્વ ખોખરા) તા.૨૨/૦૨/૨૦૨૫ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે ખોખરા ઋષિકેશનગર નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સુલેખાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૯૦,૦૦૦/– ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુલેખાબહેન ચોરસીયાએ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૯૧/૨૦૨૫**

**સરખેજઃ** ઈન્દુબહેન વા/ઓ સમીરભાઈ સોલંકી (ઉ.વ.૩૮) (રહે. ખોડિયાર સોસાયટી, પંચરત્ન એપાર્ટમેન્ટની બાજુમાં ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૨૦૨૫ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

**સાબરમતીઃ** જયેન્દ્રસિંહ રતનસિંહ રાવત (ઉ.વ.૨૨) (રહે. કોલસીનો ટેકરો કર્ણાવતી ફ્લેટ પાછળ અચેર સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ કુલસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી